ટ્રાન્સમિશન લાઈન/ટ્રાન્સમિશન ટાવર ઊભા કરતી વખતે જમીન/પાક/ફળાવ ઝાડ અને અન્ય વૃક્ષોને થયેલ નુકશાનના વળતર અંગેની સંકલિત અદ્યતન માર્ગદર્શિકા પ્રસિદ્ધ કરવા બાબત.

ગુજરાત સરકાર

ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

ઠરાવ ક્રમાંક: ઈપીસીડી/ઈએલએ/ઈ-ફાઈલ/૨૦/૨૦૨૩/૧૧૭૩/ક

સચિવાલય, ગાંધીનગર.

તા.૦૪.૦૭.૨૦૨૬

વંચાણે લીધા :-

(૧) ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા.૧૪.૦૮.૨૦૧૭નો ઠરાવ ક્રમાંક: જીઈટી-૧૧-૨૦૧૫-જીઓઆઈ-૧૯૯-ક.
(૨) ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા.૨૦.૦૯.૨૦૨૧નો ઠરાવ ક્રમાંક: જીઈટી-૧૧-૨૦૧૫-જીઓઆઈ-૧૯૯-ક.
(૩) ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા.૩૧.૧૨.૨૦૨૧નો ઠરાવ ક્રમાંક: જીઈટી-૧૧-૨૦૧૫-જીઓઆઈ-૧૯૯-ક.
(૪) મહેસુલ વિભાગનો તા.૧૩.૦૪.૨૦૨૩નો ઠરાવ ક્રમાંક: એસટીપી-૧૨૨૦૨૩-૨૦-હ.૧.
(૫) ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા.૨૫.૦૮.૨૦૨૩નો ઠરાવ ક્રમાંક: જીઈટી-૧૧-૨૦૧૫-જીઓઆઈ-૧૯૯-ક.
(૬) ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા.૦૧.૦૩.૨૦૨૪નો ઠરાવ ક્રમાંક: જીઈટી-૧૧-૨૦૧૫-જીઓઆઈ-૧૯૯-ક.
(૭) મિનિસ્ટ્રી ઓફ પાવર- ભારત સરકારની તા.૧૪.૦૬.૨૦૨૪ની માર્ગદર્શિકા ક્રમાંક: ૩/૪/૨૦૧૬-ટ્રાન્સ-પાર્ટ (૪).
(૮) ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા.૧૪.૧૦.૨૦૨૪નો ઠરાવ ક્રમાંક: જીઈટી-૧૧-૨૦૧૫-જીઓઆઈ-૧૯૯-ક.
(૯) ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા.૦૨.૧૨.૨૦૨૪નો ઠરાવ ક્રમાંક: જીઈટી-૧૧-૨૦૧૫-જીઓઆઈ-૧૯૯-ક.
(૧૦) મિનિસ્ટ્રી ઓફ પાવર- ભારત સરકારની તા.૨૧.૦૩.૨૦૨૫ની પૂરક માર્ગદર્શિકા ક્રમાંક: ૩/૪/૨૦૧૬-ટ્રાન્સ-પાર્ટ (૪).
(૧૧) મિનિસ્ટ્રી ઓફ પાવર- ભારત સરકારની તા.૧૫.૧૨.૨૦૨૫ની પૂરક માર્ગદર્શિકા ક્રમાંક: ૩/૪/૨૦૧૬-ટ્રાન્સ-પાર્ટ (૪).

પ્રસ્તાવના:

ભારતીય વિદ્યુત અધિનિયમ-૨૦૦૩ની કલમ-૬૭ અને કલમ-૬૮ની જોગવાઈઓ સાથે ભારતીય ટેલિગ્રાફ એક્ટ, ૧૮૮૫ની કલમ-૧૦ અને કલમ-૧૬માં થયેલ જોગવાઈ મુજબ, વ્યાખ્યાયિત "નુકશાન" માટે અસરગ્રસ્ત વ્યક્તિઓને (ખેડૂતમિત્રો/જમીનમાલિકોને) તેઓની જમીન-પાક-ફળાવ ઝાડ અને અન્ય વૃક્ષોને થયેલ નુકશાન પેટે વળતર આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે. આ અન્વયે રાજ્ય સરકાર દ્વારા સમયાંતરે વંચાણે લીધેલ વિવિધ ઠરાવોથી વળતર ચૂકવવાનું નિર્ધારિત કરવામાં આવેલ છે.

ટ્રાન્સમિશન લાઇનો નાંખતી વખતે રાઈટ ઓફ વે (RoW) કોરિડોર અને ટાવર આધારિત વિસ્તારની જમીનના વળતર સંબંધિત વિવિધ પ્રશ્નો અને રજૂઆતો સરકારશ્રીને મળેલ છે. આ વળતરની ચૂકવણીના કારણે વીજ ટ્રાન્સમિશન કંપનીઓ પર આવનાર આર્થિક ભારણ અને અંતિમ વીજ ગ્રાહકોના ટેરિફમાં થનાર સંભવિત વધારાને સંતુલિત કરીને અસરગ્રસ્તોને ન્યાયી વળતર મળી રહે તે માટે એક સુચારું નિરાકરણ લાવવા, તેમજ ભારત સરકારની ઉક્ત સંદર્ભિત નવીનતમ માર્ગદર્શિકાઓ ધ્યાને લઈ સમગ્ર વળતર પ્રક્રિયાને પારદર્શક અને ગતિશીલ બનાવવા માટે અગાઉના તમામ ઠરાવોને અધિક્રમિત (Supersede) કરી સંકલિત અદ્યતન માર્ગદર્શિકા/ઠરાવ બહાર પાડવાની બાબત રાજ્ય સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. જે અન્વયે, પુખ્ત વિચારણાને અંતે રાજ્યના ખેડૂતોના હિતોને ધ્યાને લઈને નીચે મુજબની માર્ગદર્શિકા પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ઠરાવ:

રાજ્ય સરકાર દ્વારા ટ્રાન્સમિશન લાઈન/ટ્રાન્સમિશન ટાવર ઊભા કરતી વખતે જમીન/પાક/ફળાવ ઝાડ અને અન્ય વૃક્ષોને થયેલ નુકશાનના વળતર અંગે અગાઉ બહાર પાડવામાં આવેલા તમામ ઠરાવોની જોગવાઈઓને અધિક્રમિત (Supersede) કરીને સમગ્ર રાજ્યમાં નીચે મુજબની સંકલિત અદ્યતન માર્ગદર્શિકા અમલમાં લાવવાનું આથી ઠરાવવામાં આવે છે:

૧. ટાવર બેઝ વળતર (Tower Base Compensation):

- ટ્રાન્સમિશન ટાવર / માળખાના સ્થાપનને કારણે ટાવર આધારિત વિસ્તાર (ટાવરના ચાર પાયા વચ્ચેનો ભાગ)ની જમીનના નુકશાન પેટે માર્કેટ રેટ કમિટી (MRC) દ્વારા નિર્ધારિત જમીનની બજાર કિંમતના **૨૦૦% (બે ગણા)** જેટલું વળતર ચૂકવવાનું રહેશે.
- ઉક્ત વળતરની ગણતરી કરતી વખતે ટાવરના ચાર પાયાના વાસ્તવિક વિસ્તાર ઉપરાંત **દરેક બાજુ ૧ મીટરનું વધારાનું વિસ્તરણ (Extension)** ધ્યાને લેવાનું રહેશે.

૨. રાઈટ ઓફ વે (RoW) કોરિડોર વળતર: RoW Corridor (ટ્રાન્સમિશન લાઇનના રેષાઓની પહોળાઇ અને લંબાઇ)ના કારણે જમીનના વળતર સંદર્ભમાં, જમીનમાલિકની જમીન ઉપરથી પસાર થતાં વિસ્તાર માટે માર્કેટ રેટ કમિટી (MRC) દ્વારા નિર્ધારિત જમીનની બજાર કિંમતને ધ્યાને લઈ વળતરની રકમ નીચે મુજબની કેટેગરી અનુસાર ગણતરીમાં લેવાની રહેશે:

- ગ્રામ્ય વિસ્તારોમાં: જમીનની કિંમતના ૩૦%.
- નગરપાલિકાઓ, નગર પંચાયતો અને અન્ય તમામ શહેરી આયોજન વિસ્તારો (Urban Planning Areas) માટે: જમીનની કિંમતના ૪૫%.
- મહાનગરપાલિકાઓ (Municipal Corporations) અને મેટ્રોપોલિટન વિસ્તારો માટે: જમીનની કિંમતના ૬૦%.

વધુમાં, નીચે મુજબના ઝૂલતા (Swinging) વીજ રેષાના RoW Corridor (વીજ રેષાની પહોળાઇ) ધ્યાને લેવાના રહેશે:–

Sr.No.	Transmission Voltage	Width of RoW Corridor
1	66 KV	18 Mtrs
2	110 KV	22 Mtrs
3	132 KV	27 Mtrs
4	220 KV	35 Mtrs
5	400 KV	46 Mtrs
6	+/- 500 KV HVDC	52 Mtrs
7	765 KV S/C (With Delta Configuration)	64 Mtrs
8	765 KV D/C	67 Mtrs
9	+/- 800 KV HVDC	69 Mtrs
10	1200 KV	89 Mtrs

૩. ફળાવ ઝાડ તથા અન્ય વૃક્ષ તથા પાક સંબંધિત નુકશાનનું વળતર:

- ફળાવ ઝાડ તથા અન્ય વૃક્ષના નુકશાન પેટે વળતર ચૂકવતી વખતે મહેસૂલ વિભાગ દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ તા.૧૨.૦૧.૨૦૨૧ના પરિપત્ર ક્રમાંક: એલ.એ.ક્યુ./૨૨/૨૦૧૮/૧૫૫૦/ધ અને તેના સંલગ્ન તા.૧૩.૦૭.૨૦૨૩ના પરિપત્ર ક્રમાંક: એલ.એ.ક્યુ./૨૨/૨૦૧૮/૧૫૫૦/ધ તેમજ આ અન્વયે પ્રસિદ્ધ કરવામાં આવતા અદ્યતન પરિપત્રો પ્રમાણે વળતર ચુકવવાનું રહેશે.
- પાક નુકશાન પેટે વળતર ચૂકવતી વખતે વળતરના મૂલ્યાંકન માટે Agriculture Produce Market Committee (APMC) એ નક્કી કરેલા દરો લાગુ પડશે અને પાક વળતરની મૂલ્યાંકન કિંમત, સંબંધિત સરપંચ/તલાટી/મામલતદાર અથવા સંબંધિત મહેસૂલ અધિકારીએ પ્રમાણિત કરેલ હોવી જોઇશે.

૪. માર્કેટ રેટ કમિટી (Market Rate Committee - MRC) ની રચના: અસરગ્રસ્ત જમીનના વળતરના પ્રશ્નોના સુચારુ નિરાકરણ અને બજાર ભાવ (Market Rate) નિયત કરવા માટે દરેક જિલ્લા કક્ષાએ નીચે મુજબની "માર્કેટ રેટ કમિટી" (MRC)ની રચના કરવામાં આવે છે:

- **જિલ્લા કલેક્ટરશ્રી** - ચેરમેન
- **જમીનમાલિકો વતી પ્રતિનિધિ** - સભ્ય
- **ટ્રાન્સમિશન સર્વિસ પ્રોવાઇડર (TSP)ના પ્રતિનિધિ** - સભ્ય

વધુમાં, જિલ્લા કલેક્ટરશ્રી વાસ્તવિક પરિસ્થિતિ અને જટિલતાને ધ્યાને લઈને મહત્તમ વધારાના **બે (૨) સભ્યોની** સમિતિમાં જરૂરિયાત મુજબ નિમણૂક કરી શકશે.

૫. જમીન મૂલ્યાંકન પદ્ધતિ (Land Valuation Methodology) અને કાર્યપદ્ધતિ:

(૧) સમિતિ દ્વારા ઇન્સોલ્વન્સી એન્ડ બેન્કરપ્સી બોર્ડ ઓફ ઇન્ડિયા (IBBI) દ્વારા માન્યતા પ્રાપ્ત (Empanelled) જમીન મૂલ્યાંકનકારો (Valuers) ની નિમણૂક કરવાની રહેશે. આ મૂલ્યાંકનકારો મુખ્યત્વે રાજ્યના મૂલ્યાંકનકારો હોવા ઈચ્છનીય રહેશે.

(૨) સમિતિની બેઠકના દિવસે જ ત્રણ મૂલ્યાંકનકારોની (એક જમીન માલિકોના પ્રતિનિધિ દ્વારા, એક TSP દ્વારા અને એક જિલ્લા કલેકટરશ્રી દ્વારા) નિમણૂક કરવામાં આવશે.

(૩) નિયુક્ત મૂલ્યાંકનકારોએ સમિતિ દ્વારા નિમણૂક થયાના ૨૧ દિવસની અંદર જિલ્લા કલેક્ટરશ્રીને સીધા જ સીલબંધ કવરમાં પોતાના સ્વતંત્ર મૂલ્યાંકન રિપોર્ટ સબમિટ કરવાના રહેશે.

(૪) તમામ ત્રણ રિપોર્ટ મળ્યા બાદ, જિલ્લા કલેકટરશ્રી દ્વારા લોટરી સિસ્ટમ (Lottery system) દ્વારા યાદચ્છિક (Random) પસંદગી કરીને બે (૨) રિપોર્ટ ખોલવામાં આવશે.

(૫) **સંદર્ભ બજાર દર (Reference Market Rate) નક્કી કરવાની પદ્ધતિ:**

(i) જો પસંદ કરેલ બે મૂલ્યાંકનકારો દ્વારા નક્કી કરાયેલ બજાર દરોમાં તફાવત નીચા મૂલ્ય કરતા ૨૦% થી ઓછો હોય, તો બંને મૂલ્યાંકનના સરેરાશ મૂલ્યને સંદર્ભ બજાર દર ગણવામાં આવશે.
(ii) જો બંને વચ્ચેનો તફાવત ૨૦% થી વધુ હોય, તો સંદર્ભ બજાર દર નીચા મૂલ્યાંકન કરતા ૧૦% વધુ નક્કી કરી શકાશે. જો આ બાબત સ્વીકાર્ય ન બને, તો જ ત્રીજા મૂલ્યાંકનકારનો સીલબંધ રિપોર્ટ ખોલવામાં આવશે અને સૌથી ઓછી કિંમતના બે મૂલ્યાંકનોની સરેરાશ કાઢીને સંદર્ભ બજાર દર આખરી કરવામાં આવશે.

(૬) આ નિર્ધારિત સંદર્ભ બજાર દરના આધારે માર્કેટ રેટ કમિટી (MRC) દ્વારા આખરી બજાર કિંમત નક્કી કરવામાં આવશે.

૬. વહીવટી પ્રક્રિયા: જિલ્લા કલેક્ટરશ્રી સમિતિ દ્વારા નક્કી થયેલ બજાર ભાવના આધારે વળતર ચૂકવવાની શરતે ટ્રાન્સમિશન લાઈનોની ભૌતિક કામગીરી કોઈપણ અડચણ વિના ત્વરિત આગળ વધારવાની મંજૂરી આપી શકશે. TSP દ્વારા વળતર નિર્ધારણ માટે અરજી કર્યાની તારીખથી આદર્શ રીતે એક (૧) મહિનાની અંદર બજાર કિંમત નક્કી કરવાની પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે.

૭. ચૂકવણીની રીત અને શરતો:

- જમીન માલિકને ચૂકવવાપાત્ર 'નુકશાન' અંગેના વળતરની ચુકવણી એક સાથે અને ખેડૂતની સંમતિના આધારે કામગીરી શરૂ કરતાં પહેલાં અગાઉથી કરવાની રહેશે.
- વળતરની રકમ પારદર્શિતા જાળવવા સારૂ બને ત્યાં સુધી વિવિધ ડિજિટલ ચુકવણી પદ્ધતિઓ (Digital Banking/RTGS/NEFT) દ્વારા સીધી જ ખાતેદારના બેંક ખાતામાં જમા કરવાની રહેશે.

૮. અમલીકરણ અને વ્યાપ: આ ઠરાવની જોગવાઈઓ રાજ્યમાં નાંખવામાં આવનારી તમામ નવી ૬૬ કે.વી. અને તેથી વધુ વીજભાર ધરાવતી ટ્રાન્સમિશન લાઈન તથા હાલમાં પ્રગતિમાં (Ongoing) હોય તેવી તમામ ૬૬ કે.વી. અને તેથી વધુ વીજભાર ધરાવતી ટ્રાન્સમિશન લાઈનોના કામો માટે સમાન રીતે લાગુ પડશે.

૯. જમીન/પાક/ફળાવ ઝાડ અને અન્ય વૃક્ષોને થયેલ નુકશાન પેટે ચૂકવવાનું થતું વળતર, ટ્રાન્સમિશન લાયસન્સી દ્વારા ચૂકવવામાં આવે તે સમયે સંબંધિત ખેડૂત/જમીન ધારક/વ્યક્તિની લેખિત બાંહેધરી, આ ઠરાવ સાથે સામેલ પરિશિષ્ટ–અ મુજબ મેળવી લેવાની રહેશે.

૧૦. જમીન માલિકી ૭/૧૨ના ઉતારાના આધારે ધ્યાને લેવાની રહેશે. જો કોઈ સંજોગોમાં ૭/૧૨ ના ઉતારામાં એક કરતાં વધારે ખાતેદારોના નામ હશે અને જો આ તમામ ખાતેદારો, કોઈ એક ખાતેદારના નામે અથવા આ પૈકીના બે કે તેથી વધુના નામવાળા સંયુક્ત ખાતામાં ચુકવણી મેળવવા માટે સંમત થાય, તો વળતરની ચુકવણી તે મુજબ કરવાની રહેશે અને આ માટે આ ઠરાવ સાથે સામેલ પરિશિષ્ટ–બ મુજબના નિયત નમૂનામાં સંમતિ આપેલ હોવી જોઈશે.

૧૧. જો કોઈ જમીન માલિકને ઉકત ઠરાવ મુજબ તેમજ ૭/૧૨ ના ઉતારા પ્રમાણે 'નુકશાની'નું વળતર ચૂકવાઈ ગયા બાદ જમીન માલિકનું નામ બદલાશે તો નવા જમીન ધારક/જમીન માલિકને 'નુકશાની'નું વળતર પુનઃ ચૂકવવાપાત્ર ઠરશે નહિ.

૧૨. જો ટ્રાન્સમિશન લાઈન કોઈ સરકારી પડતર જમીન અથવા સરકારી ખરાબાની જમીન અથવા કોઈપણ સરકારી/સ્થાનિક સંસ્થાઓની જમીનમાંથી પસાર થતી હોય તો, તમામ ટ્રાન્સમિશન કંપની/ટ્રાન્સમિશન લાયસન્સીઓએ, ટ્રાન્સમિશન ટાવર/માળખું ઉભું કરતી વખતે, આવી જમીન(ટાવરના ચાર પાયા વચ્ચેના ભાગની જમીન)નો વપરાશ કરવાના કારણોસર, ગુજરાત પાણી અને ગેસ પાઇપલાઇન્સ (જમીનમાં વપરાશકર્તાના હક્ક સંપાદન) અધિનિયમ, ૨૦૦૦ની કલમ–૧૦(૪)ની જોગવાઈઓને આધિન, જમીનના ભાગના મૂલ્યની બજાર કિંમતના દસ ટકા લેખે થતી રકમ, સરકારશ્રીમાં લાગુ પડતાં સદરે ચલણથી જમા કરાવવાની રહેશે.

૧૩. જો ટ્રાન્સમિશન લાઈન કોઈ સરકારી પડતર જમીન અથવા સરકારી ખરાબાની જમીન અથવા કોઈપણ સરકારી/સ્થાનિક સંસ્થાઓની જમીનમાંથી પસાર થતી હોય તો, જમીનના કબ્જેદાર/ભોગવટેદારને કોઈ નુકશાન પેટે વળતર મળવાપાત્ર ઠરશે નહિ.

૧૪. કોઈપણ સંજોગોમાં, જમીન માલિક/ખેડૂતમિત્રને તેની જમીન/પાક/ફળાવ ઝાડ અને અન્ય વૃક્ષોના નુકશાન પેટે એક જ વખત વળતર મળવાપાત્ર રહેશે.

૧૫. રાજ્યમાં, ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિ.(સ્ટેટ ટ્રાન્સમિશન યુટિલીટી) કે સેન્ટ્રલ ટ્રાન્સમિશન યુટિલિટી કે વિવિધ ખાનગી ટ્રાન્સમિશન કંપની અથવા ટ્રાન્સમિશન લાયસન્સી દ્વારા ચૂકવવાના થતાં વળતરની ચૂકવણી અંગેનો ખર્ચ જે તે સંસ્થાએ તેના પોતાના સ્વભંડોળમાંથી મેળવવાનો રહેશે અને તે માટે રાજય સરકાર તરફથી કોઈ અનુદાન/સહાય મળવાપાત્ર થશે નહિ.

૧૬. લાઈનના માર્ગ (Route) નક્કી કરતા પહેલા સ્થાનિક વહીવટી સત્તામંડળો સાથે જરૂરી પરામર્શ કરવો અપેક્ષિત છે. અને જ્યાં ખરાબાની કે ગૌચર જમીન ઉપલબ્ધ હોય ત્યાં તકનીકી ચકાસણી કરી ટ્રાન્સમિશન લાઈન શકય હોય ત્યાંસુધી ખેતીની જમીનમાંથી ઓછામાં ઓછી રીતે પસાર થાય તેની તકેદારી રાખવાની રહેશે.

૧૭. ઉક્ત ઠરાવ અંતર્ગત, તમામ ટ્રાન્સમિશન લાયસન્સીએ, વિદ્યુત અધિનિયમ, ૨૦૦૩ અને ભારતીય ટેલિગ્રાફ એકટ, ૧૮૮૫ની જોગવાઇઓ તથા તેમાં થતી વખતોવખતની સુધારા જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

૧૮. ઉક્ત ઠરાવ નાણાં વિભાગ, મહેસુલ વિભાગ અને કૃષિ અને સહકાર વિભાગની તા.૦૪.૦૭.૨૦૨૬ની નોંધથી મળેલ સૈદ્ધાંતિક અનુમતિ અને મંજૂરી અન્વયે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આશિષ વાળા)
સંયુક્ત સચિવ
ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

નકલ જાણ તેમજ જરૂરી કાર્યવાહી અર્થે રવાના પ્રતિ:–

(૧) નામ. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
(૨) સચિવશ્રી, વીજળી મંત્રાલય, ભારત સરકાર, નવી દિલ્હી (પત્ર દ્વારા).
(૩) માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૧, સચિવાલય, ગાંધીનગર.
(૪) માન. નાયબ મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૧, સચિવાલય, ગાંધીનગર.
(૫) માન. મંત્રીશ્રી (ઊર્જા અને પેટ્રો.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૧, સચિવાલય, ગાંધીનગર.
(૬) માન. મંત્રીશ્રી (નાણાં)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૧, સચિવાલય, ગાંધીનગર
(૭) માન. મંત્રીશ્રી (કૃષિ અને સહકાર)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૧, સચિવાલય, ગાંધીનગર..
(૮) માન. રા.ક. મંત્રીશ્રી (ઊર્જા અને પેટ્રો.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૨, સચિવાલય, ગાંધીનગર.
(૯) માન. મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, બ્લોક નં.૧, પાંચમો માળ, સચિવાલય, ગાંધીનગર.
(૧૦) અધિક મુખ્ય સચિવશ્રીના અંગત રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૧) અધિક મુખ્ય સચિવશ્રીના અંગત રહસ્ય સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૨) સચિવશ્રી, ગુજરાત વીજ નિયમન આયોગ (GERC), ગિફ્ટ સિટી, ગાંધીનગર.
(૧૩) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ. (GUVNL), વડોદરા.
(૧૪) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લિ. (GETCO), વડોદરા.
(૧૫) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી કોર્પોરેશન લિ. (GSECL), વડોદરા.
(૧૬) મેનેજીંગ ડીરેકટરશ્રી, ઉત્તર ગુજરાત વીજ કંપની લિ. (UGVCL), મહેસાણા.
(૧૭) મેનેજીંગ ડીરેકટરશ્રી, મધ્ય ગુજરાત વીજ કંપની લિ. (MGVCL), વડોદરા.
(૧૮) મેનેજીંગ ડીરેકટરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિ. (PGVCL), રાજકોટ.
(૧૯) મેનેજીંગ ડીરેકટરશ્રી, દક્ષિણ ગુજરાત વીજ કંપની લિ. (DGVCL), સુરત.
(૨૦) એક્ઝીક્યુટીવ ડિરેક્ટરશ્રી, પાવર ગ્રીડ કોર્પોરેશન ઈન્ડિયા લિ. (PGCIL), વડોદરા.
(૨૦) તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓ, ગુજરાત રાજ્ય.
(૨૧) મુખ્ય વિદ્યુત નિરીક્ષકશ્રીની કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
(૨૨) ગુજરાત સરકારના સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
(૨૩) સિલેક્ટ ફાઇલ/પસંદગી ફાઇલ.

પરિશિષ્ટ – અ

પહોંચ અને બાહેંધરી પત્રક

તા._____

હું/અમો નીચે સહી કરનાર _____

રહેવાસી, મુકામ _____ તાલુકો _____ જિલ્લો _____

આ સાથે સ્વીકારું છું કે _____ દ્વારા

હાથ ધરાયેલ _____

વીજલાઈનના કામ માટે સર્વે નંબર _____ માં આવતા ડી.પી./પોલ/વીજરેષાઓ/ટાવર

નંબર _____ થી _____ માટેના ટાવર ફાઉન્ડેશન/ટાવર

ઈરેકશન/સ્ટ્રિંગિંગનું કામ કરતી વખતે ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ– ગુજરાત સરકાર દ્વારા પ્રસિદ્ધ

થયેલ ઠરાવ ક્રમાંક: જીઇટી–૧૧–૨૦૧૫–જીઓઆઈ–૧૯૯–ક, તા.૦૪/૦૭/૨૦૨૫ મુજબ

નુકશાનીના વળતર પેટે રૂ._____ (અંકે_____)

_____માધ્યમથી

ચૂકવવા હું/અમો મંજૂરી આપીએ છીએ.

ખાતેદારોના નામ ૭/૧૨ પ્રમાણે	**સહી**
_____	_____
_____	_____
_____	_____
_____	_____
_____	_____
_____	_____
_____	_____

પરિશિષ્ટ – બ

(સંયુક્ત વળતર ચૂકવવા બાબતનું સંમતિ પત્રક)

તા._____

આથી અમો નીચે સહી કરનાર ખાતેદારો લખી જણાવીએ છીએ કે અમારા ખેતર/જમીનના સર્વે નં._____માંથી_____

કંપનીની_____

લાઈન પસાર થતાં અમારા ખેતરના જમીન/પાક /ફળાવ ઝાડ અને અન્ય વૃક્ષોને નુકશાન થયેલ તેનો પંચકેશ બનેલ છે. તો આ નુકશાન પામેલા જમીન/પાક/ફળાવ ઝાડ અને અન્ય વૃક્ષોના વળતરના નાણાં, બેંક ખાતા નં./સંયુક્ત બેંક ખાતા (બે કે તેથી વધુ ખાતેદારોના નામે સંયુક્ત બેંક ખાતા) નં_____માં મળે તો અમોને કોઈ જાતનો વાંધો નથી જે બદલ અમો આ સંમતિ પત્રક લખી આપીએ છીએ.

ખાતેદારોના નામ ૭/૧૨ પ્રમાણે	**સહી**
_____	_____
_____	_____
_____	_____
_____	_____
_____	_____
_____	_____
_____	_____